પત્ર નં.સુડા/યુ.૩/ટીપીએસ–૩૯(વરીયાવ)/ ८८८८      ૨૦/૧૨/૨૦૦૬

પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(વરીયાવ) સુડા : સુરત. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ રાજ્ય સરકારશ્રીને મંજૂરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સત્તામંડળ દ્વારા મોજે : વરીયાવ વિસ્તારના વિકસી રહેલ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં, નગર રચના યોજનાં વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા વિચારણા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી તેમના પત્ર નંબર મુસદ્દારૂપ નરયો સુચિત ૩૯(વરીયાવ) કલમ–૪૧(૧)– પરામર્શ/દ.ગુ./૨૧૧૩ તા. ૦૯/૦૫/૨૦૦૫ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નકકી કરેલ હદ માટે શરતોને આધિન અનુમોદન આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. ૨૩/૧૨/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં. ૧૯૮ ના ઠરાવ નં. ૨૪૨૮ થી (નકલ સામેલ છે.) ઉક્ત અધિનિયમની કલમ–૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ, જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્ર "ગુજરાતમિત્ર" ની તારીખ : ૬/૦૧/૨૦૦૬ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની કચેરીઓ અને સંબંધિત વિસ્તારની મહત્વની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે.) પણ ઈરાદો જાહેર કરતાં અધિસુચનની પ્રસિધ્ધિ આપવામાં આવેલી તથા ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓડીનરી ગેઝેટ ભાગ–૨ માં તારીખ ૫/૦૧/૨૦૦૬ ના પાના નંબર ૩ તથા ૪ ઉપર (નકલ સામેલ છે.) જરૂરી પ્રસિધ્ધિ આપવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં તા. ૧૨/૦૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક : સુડા/યુ.૩/ટી.પી.એસ.–૩૯(વરીયાવ)૨૭૧ અધિસુચનની નકલ મોકલી સરકારશ્રીને જાણ કરેલ છે. (નકલ સામેલ છે.)

ઉક્ત પ્રસિધ્ધ થયેલ ઈરાદા મુજબ, નકકી થયેલ વિસ્તાર માટે, જરૂરી મોજણીઓ/ માહિતી/કાર્યવાહીઓ પૂર્ણ કરીને સત્વરે સત્તામંડળ દ્વારા ઉક્ત અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો/દરખાસ્તો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૯ ના નિયમો–૧૭ મુજબ જમીન માલિકોની સભા (ઓનર્સ મીટીંગ) બોલાવવાનું નકકી થતાં, તે અંગે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો ધબકાર તથા સંદેશ માં તા. ૭/૦૭/૨૦૦૬ ના રોજ જાહેરાત આપેલ (નકલ સામેલ છે) સદરહુ નિયમમાં જણાવ્યા પ્રમાણે જમીન માલિકોના ઉપલક્ષમાં સંબંધકો કે જેનાં સરનામાની જાણ હતી તેને વ્યક્તિગત રીતે નોટીસ પાઠવીને તથા સંબંધિત વિસ્તારનાં મહત્વની જગ્યાઓએ આ અંગેની જાહેર સુચનાની પ્રસિધ્ધિ કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.(નકલ સામેલ છે) જે મુજબ તા.૧૪/૭/૨૦૦૬ શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે, વરીયાવ ગ્રામ પંચાયત કચેરી, વરીયાવ સુરત મુકામે જમીન માલિક/હિત સંબધિતોની મીટીંગ બોલાવેલ હતી, જે બાદ બોર્ડ બેઠક નંબર ૧૯૮ તા.૨૩/૧૨/૨૦૦૫ માં થયેલ ઠરાવ નં.૨૪૨૮ થી મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કર્યા મુજબ જરૂરી કાર્યવાહી કરી ઉક્ત અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના પ્રસિધ્ધ કરવા અને ઉક્ત અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના અંગે જાહેરજનતાના વાંધા સુચનો મંગાવવા માટે તા.૨૧/૦૯/૨૦૦૬ ના અધિસુચન નંબર/સુડા/યુ.૩ ટીપીએસ–૩૯(વરીયાવ) ૭૨૯૮ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ (નકલ સામેલ છે.) જેના સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો ગુજરાતપ્રભા અને ગુજરાતસમાચાર અનુક્રમે ૨૩/૯/૦૬ અને તા.૨૪/૯/૦૬ થી (નલક સામેલ છે.) પણ પ્રસિધ્ધિ આપવામાં આવેલ, તથા ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ–૨ માં તા.૨૨/૯/૨૦૦૬ ના પાના નં. ૧૬૩ અને ૧૬૪ ઉપર પ્રસિધ્ધ પામેલ છે.(નકલ સામેલ છે.) જે અન્વયે ઓનર્સ મીટીંગ બાદ, સ્કીમ પ્રસિધ્ધિની સમય મર્યાદા સુધીમાં મળેલ વાંધાસૂચનો અને સમય મર્યાદા એટલે કે તા. ૨૨/૧૦/૨૦૦૬ સુધીમાં મળેલ વાંધાસુચનોની વિચારણા/પૃથ્થકરણ વિગેરે કરીને પ્રસ્તુત સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખથી ઉક્ત કાયદાની કલમ–૪૮(૧) હેઠળ જરૂરી સાહિત્ય વિગેરે સહ સત્તામંડળના તા.૮/૧૨/૨૦૦૬ ની બોર્ડ બેઠક નં.૨૦૩ ના ઠરાવના ઠરાવ્યા મુજબ, પ્રસ્તુત નગર રચના યોજનાની આગળની તમામ, કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯(વરીયાવ) : સુડા : સુરત. ગુજરાત નગર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે અને આ સ્કીમ અન્વયેના જરૂરી સાહિત્ય તથા મળેલ વાંધા સુચનો (અસલ એક અરજીસાથે) સામેલ રાખી રાજય સરકારશ્રીને તથા અસલ અરજીની ઝેરોક્ષ નકલો પૃથ્થકરણ કરી અન્ય સેટમાં સામેલ સુધારા સહીત મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે.

વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર રચના યોજનાની હદ સહિત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/હદ વિસ્તાર અંગે અથવા યોજના મંજુર કરવા બાબતે નામદારકોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ જણાતો નથી તેમજ હાલે કોઈ કોર્ટ મેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે, ઉક્ત યોજનાને કાયદાની કલમ–૪૮(૨)ની જોગવાઈઓએ નિયત સમયમર્યાદામાં રાજય સરકારશ્રીની મંજુરી આપી અને તેને અંતિમ કરવા સારુ નગર આયોજન અધિકારીની નિમણૂંક કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી

<u>બિડાણ :</u>

(૧) ઉપર મુજબ પાન નં.૧ થી ૩

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો આમેજ કરતો ચોપડો નંગ–૧ જેમાં

- (ક) લીગલ ફોમાલીટીઝ અને ડોકયુમેન્ટસ
- (ખ) ઈન્ટ્રોડકશન અને સેઈલન્ટ ફીચર્સ
- (ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણનું પત્રક
- (ઘ) સેલ્સ સ્ટેટમેન્ટ
- (ચ) ફોર્મ–એફ (રીડીસ્ટ્રીબ્યુશન અને વેલ્યુએશન પત્રક)
- (છ) ફોર્મ–જી(કાયનાન્સ અને કામના અંદાજો)
- (જ) વિકાસ નિયંત્રણ નિયમો/નોંધ
- (ઝ) ઈન્ડેક્ષ પ્લાન
- (ટ) મુળખંડનો નકશો
- (ઠ) મુળખંડ તથા અંતિમખંડનો નકશો
- (ડ) અંતિમખંડનો નકશો
- (ઢ) સર્વિસીસ પ્લાન અને
- (ણ) સેલ્સ પ્લાન

(૩) જાહેર જનતા તરફથી મળેલ વાંધાસુચનોની મુળ અરજીઓ (સેટ–૧) તથા અન્ય એક સેટ ઝેરોક્ષ પૃથ્થકરણ પત્રક સાથે.

(૪) વિકાસ યોજનાનો વિભાગીય નકશાની નકલ.

<u>નકલ સવિનયસહ રવાના ::–</u>

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર તરફ બિડાણ–૧ તથા બિડાણ–૨ ની બે–બે નકલો સહિત તથા બિડાણ–૩ ના એક સેટ સહિત આથી સરકારશ્રીમાં સ્કીમ મંજુર કરવા ભલામણ કરવા તથા એકટની કલમ–૫૦ ના સુધારેલ કાયદા મુજબ નગર રચના અધિકારીની નિમણુંક કરવા બાબત યોગ્ય થવા સારૂં.

(૨) પ્રવર નગર નિયોજકશ્રી,
પ્રાદેશિક કચેરી,
દક્ષિણ ગુજરાત વિભાગ,
વડોદરા તરફ બિડાણ–૨ ની એક નકલ તથા બિડાણ–૩ ના એક સેટ સહિત આગળની કાર્યવાહી થવા સારૂં.

જુ.ન.ર.યો. નં. ૩૮ (પરીશિષ્ટ) ૨૩૬ ના ૩ર૦૨ ઉતારો ૩૫૩માં જાહેર છે, ૨૧/૧૨/૦૫

...ની કચેરી